# ઊંઝા-પાટણ માર્ગ પર ગમખ્વાર અકસ્માત સર્જાતા એકનું કરૂણ મોત

## ઊંઝા બજાર સમિતિની ચૂંટણી લડતા ટુંડાવના ઉમેદવારનું મોત થતા પરિવારમાં ઘેરા શોકની લાગણી

ઊંઝા, તા. ૨૭

ઊંઝા નજીક પાટણ રોડ પર બાલાજી રીસોર્ટ આગળ પુરઝડપે જતી એક જીપકારે મોટરકારને જોરદાર ટક્કર મારતાં સર્જાયેલ ગમખ્વાર અકસ્માતમાં થયો હતો. જેમાં ઊંઝા બજાર સમિતિની ચૂંટણીમાં ખેડૂત વિભાગમાંથી ચૂંટણી લડી રહેલ ટુંડાવના ઉમેદવારનું મોત નિપજતાં સમગ્ર વિસ્તારમાં ભારે ચકચાર જાગી છે.

વિગત એવી છે કે, ઊંઝા તાલુકાના ટુંડાવ ગામના સોમાભાઈ ગોપાળદાસ પટેલ અને જયંતિભાઈ વિઠ્ઠલદાસ પટેલે આગામી તા. ૪ માર્ચના રોજ યોજાનાર ઊંઝા બજાર સમિતિની સામાન્ય ચૂંટણીમાં ખેડૂત મત વિભાગમાંથી ઉમેદવારી નોંધાવી હતી. આ બન્ને ઉમેદવારો રાતના સમયે મારૂતિકારમાં બેસીને ઊંઝા બાલાજી રીસોર્ટમાં જમવા માટે જઈ રહ્યા હતા. ટુંડાવથી નીકળીને તેઓ શિંહી આવ્યા હતા. જ્યાં ટુંડાવના જ ખેમચંદભાઈ પરમાર મળતાં તેઓ પણ મોટરકારમાં ઊંઝા તરફ જવા માટે બેસી ગયા હતા.

રાત્રીના પોણા આઠ વાગ્યાના સુમારે આ મારૂતિકાર બાલાજી રીસોર્ટના પ્રવેશ દ્વારા આગળ આવતાં ઊંઝા તરફથી પુરઝડપે આવી રહેલ જીપકાર નં. જીજે.૧. એ.આર. ૫૦૬૫ એ જોરદાર ટક્કર મારી હતી. જેથી મારૂતિકારમાં બેઠેલ સોમાભાઈ પટેલનું ઘટના સ્થળે જ કરૂણ મોત નિપજ્યું હતું. જ્યારે જયંતિભાઈ પટેલ તેમજ ખેમચંદભાઈ પરમારને શરીરે વત્તા-ઓછા પ્રમાણમાં ઈજાઓ થતાં તેઓને સારવાર અર્થે હોસ્પિટલમાં ખસેડાયા હતા.

આ અકસ્માતની જાણ થતાં મૃતકના પરિવારજનો, સગાસબંધીઓ તેમજ અન્ય ગ્રામજનો ઘટનાસ્થળે દોડી આવ્યા હતા. આ સાથે પોલીસ ઘટના સ્થળે આવી પહોંચી હતી. અને કાયદેસરની કાર્યવાહી આરંભી હતી. આ અકસ્માતમાં ઊંઝા બજાર સમિતિની સામાન્ય ચૂંટણીમાં ખેડૂત મત વિભાગમાંથી ચૂંટણી લડી રહેલ ટુંડાવના બે ઉમેદવારો પૈકી એક ઉમેદવારનું મોત થતાં તેમજ એક ઉમેદવાર ઘાયલ થતાં સમગ્ર વિસ્તારમાં ભારે ચકચાર સાથે તરેહ તરેહની વાતો ચર્ચાય છે.

બનાવ સંદર્ભે ખેમચંદભાઈ પરમારની ફરિયાદના આધારે ઊંઝા પોલીસે જીપકારના ચાલક સામે અકસ્માતનો ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે. દરમિયાન ઊંઝા બજાર સમિતિની ચૂંટણીમાં ખેડૂત મત વિભાગમાંથી ચૂંટણી લડતા ટુંડાવના બે ઉમેદવારો પૈકી એકનું મોત થતાં તેમજ એક ઘાયલ થતાં ખેડૂત મત વિભાગના આઠ સભ્યોની ચૂંટણી મોકૂફ રાખવામાં આવી હોવાનું જાણવા મળે છે.

### ભાજપ અને માલપુર તાલુકા પંચાયતના પ્રમુખને હાશ...

# માલપુર તાલુકા પંચાયતના પ્રમુખ સામે કરાયેલી અવિશ્વાસની દરખાસ્તનો ફીયાસ્કો

(જીતેન્દ્ર પટેલ ધ્વારા)

મોડાસા, તા.૨૭

૩૦ જાન્યુઆરી ના રોજ અરવલ્લી જીલ્લા ના માલપુર તાલુકા પંચાયત ના પ્રમુખ સામે ૧૫ માંથી ૧૦ સભ્યો એ તાલુકા પંચાયત ના પ્મુખ સંજયભાઈ ને પ્રમુખ પદે થી હટાવવા માટે અવિશ્વાસ ની દરખાસ્ત રજુકરતી એક અરજી માલપુર તાલુકા વિકાસ અધિકારી ને આપવા માં આવી હતી જેમાં ની જરૂરી કાર્યવાહી પુરી કર્યા બાદ આજે તા ૨૭ ના રોજ ૩૦ જાન્યુઆરી ના રોજ કરાયેલી અવિશવાસ દરખાસ્ત માટે ની પ્રકીયા હાથ ધરવામાં આવી હતી.



માલપુર તાલુકા પંચાયત ના પ્રમુખ સંજયભાઈ ના મનસ્વી વર્તન અને વિશ્વાસ માં સભ્યો ને લીધા વગર કામ કરવાની નીતી નુ લઈ ને ભાજપા અને ભાજપ ના કેટલાય સભ્યો એ સાથે મળી ને ૩૦ મી જાન્યુઆરી ના રોજ પ્રમુખ સામે અવિશ્વાસ ની દરખાસ્ત રજુ કરવામાં આવી હતી જેને લઈ ને માલપુર તાલુકા પંચાયત ના રાજકારણ માં ખળભળાટ મચી ગયો હતો અને જીલ્લા ની નેતાગીરી એ આ બાબતે રસ દાખવી ને તમામ સભ્યો ને સમજાવીને ડેમેજ ને કંટ્રોલ કરવાનુ કામ હાથ ધરવામાં આવ્યુ હતુ.

જે અંગે આજ રોજ ચુસ્ત પોલીસ બંદોબસ્ત વચ્ચે આજે માલપુર તાલુકા પંચાયત ના સભાખંડ માં મતદાન પ્રકીયા હાથ ધરવામાં દઆવી હતી મતદાન સમય સુધી માં દરખાસ્ત ની તરફેણ માં સહીઓ કરનાર ૧૦ માં થી ૮ જ સભ્યો હાજર રહેતા આમ કુલ ૧૫ સભ્યો માં થી દરખાસ્ત પસાર કરવા માટે જોઈતા ૧૦ સભ્યો ને બદલે ૮ સભ્યો હાજર રહેતા તાલુકા પંચાયત ધારા ના નીયમ મુજબ ૨/૩ સભ્યો ની બહુમતી ના થતાં પ્રમુખ સામેની દરખાસ્ત નો ફીયાસ્કો થયો હતો અને ભાજપા અને માલપુર તાલુકાન પંચાયત ના પ્રમુખ ને જીવતદાન મળ્યુ હતુ.



(તસવીર : સમીર બલોચ, મોડાસા)

જયારે સમગ્ર પ્રકીયાને અંતે વિરોધપક્ષ ધ્વારા એવો આક્ષેપ કરવામાં આવ્યો હતો પંચાયત ધાર ની કલમ ૭૬ મુજબ આ કાર્યવાહી કરાઈ નથી અને સરકાર ના દબાણ માં આવી અધિકારીઓએ ખોટી પ્રકીયા કરી દરખાસ્ત નો ફીયાસ્કો કરાયો છે.

## પોશીનાના બજારમાં રોડ પર બમ્પ મુકવા માગણી

ખેડબ્રહ્મા, તા. ૨૭

પોશીના તાલુકો જાહેર થયા બાદ અનેક વિકાસ કાર્યો પોશીના ખાતે થયા છે. જેમાં હાલમાં ગોયા નાકાથી સરદાર ચોક સુધી નવીન રોડ બનાવવામાં આવ્યો છે. આ રોડ પર ગ્રામ પંચાયત મેઈન બજાર આવેલ છે. આ રોડ બનવાથી વાહન ચાલકો બેફામ ચલાવતા થયા છે. જેથી વાલીઓ ડરના માર્યા બાળકોને એકલા શાળાએ જવામાં પણ ગભરાય છે. ગામ લોકો દ્વારા સત્વરે આ રોડ પર પ્રાથમિક શાળા, ગણેશનગર, મામાપીપલા ત્રણ રસ્તા, બજારમાં બમ્પ મુકવા માગણી છે. જેથી વાહન ચાલકો ગતી મર્યાદામાં વાહન હંકારે છે. જો આ બમ્પ મુકવામાં નહી આવે તો ભવિષ્યમાં અકસ્માત થવાની ભીતી સેવાઈ રહી છે.



### ખેડબ્રહ્મામાં આયુર્વૈદિક ઉકાળાનું વિતરણ

રાજ્યમાં વકરી રહેલા સ્વાઈન ફલુના પગલે શુક્રવારના રોજ સાબરકાંઠા આયુર્વેદ વિભાગ અને જીવદયા મિત્રમંડળ દ્વારા ખેડબ્રહ્માના બ્રકમાજી ચોક, બસ સ્ટેશન, સરદાર ચોકમાં ઉકાળાનું વિતરણ કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે આગીયા આયુર્વૈદિક શાખાના ડૉક્ટર ઉપસ્થિત રહ્યા હતા. (તસવીર : રમેશ વૈષ્ણવ)

# મોડાસામાં આરોગ્યતંત્ર દ્વારા ૩૫૦૦ માસ્કનું વિતરણ કરાયું

મોડાસા, તા.૨૭

અરવલ્લી જિલ્લાના મોડાસા શહેરમાં પણ સ્વાઈન ફલુએ દેખા દેતાં આરોગ્ય તંત્ર દ્વારા કડક કામગીરી હાથ ધરી લોકોમાં જાગૃતિ આવે અને આ રોગથી બચી શકે તે માટે જાહેરજીવન સંપર્ક થાય તેવી જગ્યાઓ પર મોડાસા બ્લોક હેલ્થ ઓફિસ દ્વારા ૩૫૦૦ માસ્કનું વિતરણ કરવામાં આવ્યું હતું.

તાલુકામાં સ્વાઈન ફલુએ મોડાસા તાલુકાને પણ સકંજામાં લેતા મોડાસા તાલુકામાં સ્વાઈન ફલુના દર્દીઓ મળી આવતા આરોગ્ય તંત્ર સતર્ક બન્યુ છે. મોડાસા બ્લોક હેલ્થ ઓફીસર ડૉ. યજ્ઞેશ નાયકના માર્ગદર્શન હેઠળની તેમની ટીમે મોડાસા ચાર રસ્તા, બસ સ્ટેન્ડ, મોડાસા શહેરના જાહેર માર્ગો વગેરે જેવી જાહેર જગ્યાઓ કે જયાં વધુ જનમેદની એકબીજાના સંપર્કમાં આવતી હોય તેમજ સ્વાઈન ફલુ નામની બિમારી ફેલાવવાની શકયતા વધુ હોય તેવી જગ્યા પર ૩૫૦૦ જેટલા સ્વાઈન ફલુ સામે રક્ષણ આપતા વિશેષ પ્રકારના માસ્કનું વિતરણ કરવામાં આવ્યું હતું. અને સ્વાઈન ફલુથી કેવી રીતે બચી શકાય તે અંગેનું માર્ગદર્શન આપવામાં આવ્યું હતું. સમગ્ર જિલ્લામાં સ્વાઈન ફલુ ફેલાતો અટકાવવા અસરકારક કામગીરીમાં મોડાસા બ્લોક હેલ્થ ઓફીસર હંમેશા અગ્રેસર રહે છે. મોડાસા બ્લોક હેલ્થ ઓફિસરની સક્રિય કામગીરી અને સ્વાઈન ફલુ સામે રક્ષણ મેળવવા તેમની ટીમની કામગીરી જિલ્લા આરોગ્ય તંત્ર અને અરવલ્લી જિલ્લા કલેકટરે તેમની પ્રશંસા કરી હતી. મોડાસા બ્લોક હેલ્થ ઓફિસર ડૉ. યજ્ઞેશ નાયક અને તેમની ટીમ દ્વારા મોડાસા તાલુકામાં ઘરે ઘરે સર્વે કરી સ્વાઈન ફલુને નાથવા અસરકારક પગલાં ભરવામાં આવતા મોડાસાના નાગરિકોમાં રાહતની લાગણી ફેલાઈ છે.

## મજરા દૂધ મંડળીના માજી સેક્રેટરી સામે ઉચાપતની પોલીસ ફરિયાદ

પ્રાંતિજ, તા. ૨૭

પ્રાંતિજ તાલુકાના મજરા ગામે દૂધ મંડળીના માજી સેક્રેટરી સામે મંડળીમાં ઉચાપત કર્યાની પોલીસ ફરિયાદ નોંધાઈહતી. પ્રાંતિજના મજરામાં દૂધ મંડળીના માજી સેક્રેટરી દશરથભાઈ પટેલે પોતાના કાર્યકાળ દરમિયાન તા. ૧૮-૨-૨૦૧૧ થી આજ દિન સુધી મંડળીમાંથી જુદી જુદી તારીખના ખોટા વાઉચર બનાવ્યા હતા અને કુલ ૬૩૦૦ની રકમના વાઉચર બનાવી ઉચાપત કરી રોકડમાં નોંધ કરી હતી. આ વાર્ષિક હિસાબોમાં ગોટાળો જોવા મળતા રાકેશભાઈ જોયતાભાઈ પટેલે મંડળીના માજી સેક્રેટરી સામે આજે પોલીસ ફરિયાદ કરવામાં આવી હતી. જે અંગે પ્રાંતિજ પોલીસે દશરથભાઈ પટેલ વિરૂદ્ધ ફરિયાદ દાખલ કરી વધુ તપાસ હાથ ધરી છે.

# પ્રાંતિજ-તલોદમાં ૭.૩૮ કરોડના રસ્તાના કામો મંજુર : પ્રજામાં ખુશી

પ્રાંતિજ, તા.૨૭


સાબરકાંઠાના તલોદ અને પ્રાંતિજના પંચાયત હસ્તકના રસ્તાઓ છેલ્લા ઘણા સમયથી ભંગાર બની ગયા હતા જે અંગે રસ્તાના સમારકામ માટે સ્થાનિક ધારાસભ્યે રાજયકક્ષાએ રજુઆત કરી હતી આખરે હવે આ રસ્તના કામો મંજૂર થતા સ્થાનિકોમાં આનંદ છવાયો છે.

પ્રાંતિજ તલોદમાં ગ્રામ્ય વિસ્તારમાં પંચાયત હસ્તકના ગામોના આંતરીક રસ્તાઓ રખરખાવના અભાવે છેલ્લા ઘણા સમયથી સાવ બિસ્માર બની ગયા હતા. પરિણામે રાહદારીઓ અને વાહન ચાલકો ભારે પરેશાન થઈ ગયા હતા અને સ્થાનિક રહીશોએ અનેકવાર ધારાસભ્યને લેખિત રજૂઆત કરી હતી. સ્થાનિક ધારાસભ્ય મહેન્દ્રસિંહ બારૈયાએ જનતાની રજૂઆતને ધ્યાને લઈ આ રજૂઆતને વિધાનસભામાં રજૂ કરી ધારદાર રજૂઆતો કરી હતી જે રંગ લાવતા તમામ રસ્તાઓના તબક્કાવાર કામો મંજુર કરવામાં આવ્યા છે જેથી સ્થાનિકોમાં ખુશીનો માહોલ દેખાઈ રહ્યો છે. પ્રાંતિજ મોયદ મોરવપાડા રૂપપુરા માર્ગ લંબાઈ ૩ કિમી માટે રૂ. ૬૦ લાખ, લાધીયાના વડ અનવરપુરા, સીતવાડા, નવાપુરા રોડ લંબાઈ ૮ કિમી અંદાજીત રૂ. ૧.૮૦ કરોડ, વિલાસપુર, ફતેપુર રોડ લંબાઈ ૬.૪૦ કિમી. રકમ ૧.૨૮ કરોડ તલોદમાં મોહનપુર રામપુર તખતગઢ રોડ લંબાઈ ૫ કિમી રકમ રૂ. ૧.૧૦ કરોડ, જવાપુર બડોદરા રોડ લંબાઈ ૫.૨૦ કિમી રૂ. ૧.૫૦ કરોડ, હરસોલ પડુસણ પ્રતાપજીના મુવાડા રોડ તલોદ લંબાઈ ૩.૬૦ કિમી રકમ ૧ કરોડ મળી કુલ ૭.૨૮ કરોડના કામો મંજુર કરવામાં આવ્યા હતા આ વિસ્તારના રહીશો ટુંક ને ટુંક જ સમયમાં બિસ્માર રસ્તાઓથી છુટકારો મેળવશે.

# મોડાસામાં હોળીના તહેવારને લઈ બજારોમાં તેજીનો માહોલ

મોડાસા, તા. ૨૭

હોળીના તહેવારને એક સપ્તાહ જેટલો જ સમય બાકી હોવાથી મોડાસા બાકી છે ત્યારે બજારમાં સવારથી સાંજ સુધી ધાણી, હારડા અને ખજુરની ખરીદી માટે લોકો ઉમટી રહ્યા છે. પ્રજાજનોએ હોળી-ખજુરની લારીઓ અને સ્ટોલ પર જમાવડો જોવા મળી રહ્યો છે. ચાલુ સાલે મોંઘવારીનું ગ્રહણ



(તસવીર : જય અમીન, મોડાસા)

શહેરમાં મુખ્ય માર્ગો પર ખજૂરના સ્ટોલ અને ધાણીની લારીઓ લઈને ઉભા રહેલા ફેરીયાઓનો જમાવડો જામી ગયો છે. ઉપરાંત રાજસ્થાનના સીમલવાડા, પીઠ, ગલીયાકોટના લોકોની મોડાસા શહેરમાં અવર-જવર ખુબ જ મોટા પ્રમાણમાં હોવાથી રાજસ્થાની લોકો ખરીદી કરવા મોડાસા શહેરમાં ઉમટી પડ્યા હતા.

મોડાસા શહેરમાં હોળીના પર્વે દાણી, ખજુર, હારડાના અત્યારથી જ ઢગ ખડકાઈ જતાં બજારોમાં હોળીની ખરીદીનો માહોલ જામી ગયો છે. રંગોત્સવના પર્વે હોળીના તહેવાર નજદીક આવતા બજારમાં ધાણી અને ખજૂરના વેચાણમાં ઘરાકી જામી છે. હોળીના પર્વની ગણતરીના દિવસો જ ગત વર્ષ કરાં ૨૫ થી ૩૦ ટકાનો ભાવ વધારો જોવા મળી રહ્યો હોવા છતાં લોકોની ખરીદીમાં કોઈજ ફરક ન પડતા મોડાસા શહેરના વેપારીઓ આનંદીત થઈ ગયા છે. આ ઉપરાંત વસંતઋતુમાં ધાણી અને ખજુરના ઔષધીય ફાયદાઓ પમ થતા હોવાથી અને હોળીના પર્વે સમયે જ ધાણીના અલગ-અલગ પ્રકારની મળતી હોવાથી અરવલ્લી જિલ્લાના ધાણી અને ખજુરને પણ લાગી જતાં આ વર્ષે મકાઈની ધાણી ૧૦૦ અને જુવારની ધાણી ૬૦ રૂ. પ્રતિકિલોના ભાવે વેચાઈ રહી છે. ઉપરાંત રાજસ્થાનમાં હોળીનો ત્યોહાર મુખ્યત્વે મનાવાતો હોવાથી રાજસ્થાની લોકો પણ અરવલ્લી જિલ્લાના મોડાસા શહેરમાંથી કપડા અને ત્યોહારને અનુરૂપ ખરીદી કરતા ઠેર ઠેર નજરે પડે છે.



(તસવીર : સમીર બલોચ, મોડાસા)

જિલ્લા માહિતી કચેરી સાબરકાંઠા અને અરવલ્લી જિલ્લાના સંયુક્ત ઉપક્રમે આજે હિંમતનગરના નવિન સર્કિટ હાઉસ ખાતે વરીષ્ઠ પત્રકાર નરેશ દવેની અધ્યક્ષતામાં ગતિશીલ ગુજરાત સાં-ત પત્રકારત્વ વિષય પર પરીસંવાદ યોજાયો હતો. જેમાં અતિથિ વિશેષ તરીકે પ્રાદેશિક માહિતી કચેરીના સહાયક માહિતી નિયામક શ્રી અભય રાવલે -સંગિક ઉદ્‌બોધન કરતા જણાવ્યું હતું. ગુજરાતમાં ગુણાત્મક અને તુલનાત્મક પરીવર્તન આવ્યા છે. જેના થકી સમગ્ર વિશ્વમાં ગુજરાતનું નામ ગુંજતુ થયું છે. આ પરીસંવાદમાં ઉપસ્થિત મહેમાનશ્રીઓને હિંમતનગરના નાયબ માહિતી નિયામક શ્રી વી. જે. મેસરીયાએ સ્વાગત આવકાર અને પરિચય કરાવ્યો હતો. આ કાર્યક્રમમાં અમદાવાદ પ્રાદેશિક માહિતી કચેરીના નાયબ માહિતી નિયામક જી. બી. પંડયા સહિત વરિષ્ઠ પત્રકારો તેમજ પ્રિન્ટ અને ઈલેકટ્રોનિક મીડીયાના કર્મીઓ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.

## આજે સાબરમતીમાં સુંદરકાંડ પાઠ યોજાશે

ગાંધીનગર, તા. ૨૭

કનૈયાલાલ મહારાજની વ્યાસપીઠે અને ચિંતન મોદીના યજમાન પદે સુંદરકાંડ પાઠ યોજાશે. આજરોજ શનિવાર રાત્રે ૮.૦૦ વાગે અમદાવાદ, સાબરમતી સ્થિત ગંરારામ ફલેટ ખાતે યોજાશે. મોટી સંખ્યામાં ધાર્મિક કાર્યક્રમનો લાભ લેવા આમંત્રણ પાઠવ્યું છે.

# અંબાજીમાં શિક્ષણમાં સમાનતા અને સશક્તિકરણ કાર્યક્રમ યોજાયો

પાલનપુર, તા. ૨૭

ભારત સરકારના માનવ સંસાધન વિકાસ મંત્રાલયના શિક્ષણ વિભાગ અને મહિલા સામખ્ય ધ્વારા શિક્ષણમાં સમાનતા અને સશકિતકરણનો કાર્યક્રમ બનાસકાંઠા જિલ્લાના અંબાજી મુકામે યોજાયો હતો. સમગ્ર રાજય અને બનાસકાંઠા જિલ્લાના ગ્રામીણ વિસ્તારના અતિ છેવાડાના ગામોમાં શિક્ષણથી વંચિત મહિલાઓ અને કિશોરીઓના વિકાસ માટે વર્ષ-૧૯૮૯ થી આવા કાર્યક્રમોનું આયોજન કરવામાં આવે છે. જેમાં માહિતી અને અક્ષરજ્ઞાનની તાલીમ, સાક્ષરતા વર્ગો, કસ્તુરબા ગાંધી બાલિકા વિધાલય, નારી અદાલતોની કામીગીરી અંગે માર્ગદર્શન આપવામાં આવે છે.

આ કાર્યક્રમમાં મહિલા સામખ્ય ધ્વારા અત્યાર સુધીમાં કરવામાં આવેલ કામગીરીનું -ઝન્ટેશન કરવામાં આવ્યું હતુ. જેમાં બનાસકાંઠા, સાબરકાંઠા, પંચમહાલ અને વડોદરા જિલ્લાના ડીસીપીશ્રી, મહિલા સામખ્યના વહીવટી અને ફિલ્ડ સ્ટાફ સહિત વિશાળ સંખ્યામાં બહેનોએ ભાગ લીધો હતો.

આપના શહેરમાં ૧૦૦૦ સ્કે. ફીટનો એ.સી. શો-રૂમ જેમાં છે...

સિરામિક વોલ ટાઈલ્સ ● વીટ્રીફાઈડ ટાઈલ્સ ● સિરામિક ફ્લોર ટાઈલ્સ ● એક્વાઆર્ટ ● વોલ ક્લેડીંગ ● માર્બલ સ્ટોન અને ક્વાર્ટઝ્ તેમજ વિવિધ પેટર્ન્સ અને કોમ્બીનેશન્સની વિશાળ શ્રેણી

એક્સક્લુસિવ શો-રૂમ

AGL TILES WORLD — Radhe ENTERPRISE

પહેલે માળ, ૧૦૧, ૧૦૨, ૧૦૩, જય યોગેશ્વર કોમ્પલેક્સ, સિટી પલ્સ સિનેમા પાસે, કુડાસણ બસ સ્ટોપની સામે, ગાંધીનગર - કોબા હાઈવે, ગાંધીનગર. મોબાઈલ : ૯૪૨૬૫ ૧૩૬૦૧

ટાટા મોટર્સની ઓથોરાઈઝ ડીલર

મોર્ડન મોટર્સ

ગુજરાત સરકાર માન્ય ISO-9001:2008 COMPANY

સુવિધાઓ...
(૧) કોમ્પ્યુટરાઈઝ્ડ વ્હીલ એલાયમેન્ટ બેલેન્સીંગ
(૨) સર્વિસ ગ્રીસીંગ
(૩) મીકેનીકલ રીપેરીંગ
(૪) ઓટો ઈલેક્ટ્રીકલ કામ
(૫) બોડી-કલર કામ (૬) જેન્યુન સ્પેર પાર્ટ
(૭) ટાટા કંપનીના તમામ વાહનોનું રીપેરીંગ કામ સંતોષકારક કરી આપનાર

ઓથોરાઈઝ્ડ સર્વિસ ડીલર — TATA — ઓથોરાઈઝ્ડ ડીલર — Castrol, EXIDE INDUSTRIES LIMITED, BRIDGESTONE PASSION for EXCELLENCE, JK TYRE

ઓથોરાઈઝ્ડ ડીલર : બ્રીજસ્ટોન, જે.કે. ટાયર-ટ્યુબ, એકસાઈડ બેટરી, હીન્દુસ્તાન મોટર્સ લી.

પ્લોટ નં. ૪૦૩, જી.આઈ.ડી.સી., સેક્ટર-૨૮, કામા મોટર્સની બાજુમાં, ગાંધીનગર-૩૮૨ ૦૨૮
ફોન. : (ઓ) ૦૭૯-૨૩૨૧૧૪૮૫, ફેક્સ : (૦૭૯) ૨૩૨૧૨૬૪૦
મો. : ૯૮૨૫૨ ૬૨૨૯૧, ૯૯૦૪૦ ૪૪૭૦૦